**Gujarati Midday Pg 18, 9th March 2022**

# બીટકોઇન, ઇથેરિયમમાં મામૂલી વધઘટ : બિનાન્સે પેમેન્ટ પ્રોસેસિંગ કંપની સ્થાપી

## આઇસી૧૫ ઇન્ડેક્સમાં ૬૬૦ પૉઇન્ટની વૃદ્ધિ

**ક્રિપ્ટોકરન્સી** માર્કેટની મહત્ત્વપૂર્ણ ઘટનામાં અગ્રણી ક્રિપ્ટો એક્સચેન્જ - બિનાન્સે પોતાની બીટફિનિટી નામની પેમેન્ટ પ્રોસેસિંગ કંપનીની ઘોષણા કરી છે. અલગ-અલગ દેશોની ફિયાટ કરન્સીમાંથી ક્રિપ્ટોમાં રૂપાંતર કરીને પેમેન્ટ કરવા માટેના માધ્યમ તરીકે આ એક્સચેન્જ કામ કરશે. બિનાન્સે આ કંપનીની સ્થાપના દ્વારા વેબ૩ ઈકૉનૉમીમાં સક્રિય થવાનો સંકેત આપ્યો છે. તેણે પેસેફ અને ચેકઆઉટ ડોટ કૉમ સાથે પણ સહયોગ સાધ્યો છે.

બીટફિનિટી ૫૦ કરતાં વધારે ફિયાટ કરન્સીને સપોર્ટ કરશે તથા વીઝા અને માસ્ટરકાર્ડ સહિતની તમામ મુખ્ય પેમેન્ટ પદ્ધતિઓને પણ પોતાનું માધ્યમ પૂરું પાડશે. આ કંપનીની મદદથી વેપારીઓ ક્રિપ્ટોકરન્સી આધારિત પેમેન્ટ સીધેસીધું જ પ્રાપ્ત કરી શકશે. નોંધનીય છે કે બીટફિનિટી પોતાની સેવાઓ પૂરી પાડવા માટે અનેક વૉલેટ અને બ્લૉકચેઈન સર્વિસિસ સાથે સહયોગ સાધી રહી છે.

દરમિયાન, બીટકૉઈન અને ઈથેરિયમમાં આ લખાઈ રહ્યું છે એના ૨૪ કલાકના ગાળામાં મામૂલી વધઘટ જોવા મળી છે. સૌથી જૂની ક્રિપ્ટોકરન્સીનો ભાવ ૨૪ કલાકના ગાળામાં આશરે ૦.૨૪ ટકા ઘટીને ૩૮,૯૦૭ ડૉલરની આસપાસ પહોંચ્યો છે. વ્હેલ્સ દ્વારા આ સૌથી જૂની ક્રિપ્ટોકરન્સીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો હોવાની આ સ્થિતિ વચ્ચે ઈથેરિયમ પણ ૦.૯૦ ટકાના ઘટાડા સાથે ૨૫૯૩ ડૉલર ટ્રેડ થઈ રહ્યો છે. બીજી બાજુ, કાર્ડાનોમાં ૪ ટકા, સોલાનામાં ૨ ટકા, અવાલાંશમાં ૪.૯૦ ટકા અને ડોઝકૉઈનમાં ૨.૬૮ ટકાનો ઘટાડો આવ્યો છે.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૬૬૦ પૉઈન્ટ (૧.૧૯ ટકા)ના વધારા સાથે ૫૬,૦૦૧ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૫૫,૩૪૧ ખૂલ્યા બાદ ઉપરમાં ૫૬,૬૮૮ અને નીચામાં ૫૪,૪૩૪ ગયો હતો.